Volume 1, Issue 7
October
2023

# ટપુક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી 365601, ગુજરાત




**ચિતલ અને જસવંતગઢ ખાતે મહિલાઓ માટે જ્વેલરી મેકિંગના વર્ગોની શરૂઆત તા. ૨૦/૧૦/૨૦૨૩ના રોજ કરવામાં આવી. કુલ ૪૦ બહેનો તાલીમ પ્રાપ્ત કરી પુરક રોજગારી મેળવશે.**





અમેરિકન ઇન્ડિયા ફાઉન્ડેશન દ્વારા તા. ૧૭/૧૦/૨૦૨૩નાં રોજ સિલ્વર ઓક હોલ, ઇન્ડિયા હબીટેટ સેન્ટર, ન્યુ દિલ્હી ખાતે નેશનલ ઇવેન્ટ "લાઈટ એ લેમ્પ" નું આયોજન કરવામાં આવેલ જેમાં આપણી સંસ્થામાંથી રમેશભાઈ સોલંકી અને રોનીતાબેન રામાણીએ ભાગ લીધો હતો. આ ઇવેન્ટનો મુખ્ય હેતુ તકવંચિત અને છેવાડાના વિસ્તારના બાળકોમાં શીખવાની પાયાની વ્યવસ્થાને કેવી રીતે મજબુત કરી શકાય તે હતો.






ટપુક E-MAGAZINE
Volume 1, Issue 7,
October 2023

## તાલીમ અને શિક્ષણ

**શિક્ષણ સહાયતા કેન્દ્ર (CLA) કાર્યક્રમ અંતર્ગત મોટા માચિયાળા, ભાંકોદર, કોવાયા, ભેરાઈ અને જીકીયાળી ખાતે ચાલુ વર્ગોમાં બાળકોની શીખવાની પ્રક્રિયા જાણવા મીડ લાઈન સર્વે કરવામાં આવ્યો. તેમજ જીકીયાળીના (CLA) વર્ગના બાળકો સાથે નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી.**






**સંસ્થામાં ચાલતા વિવિધ કાર્યક્રમોના રીવ્યુ અને અગામી આયોજન માટે જિલ્લા કક્ષાની આયોજન અને પ્લાનિંગ મીટીંગોનું આયોજન અમરેલી (તા.૨૧/૧૦/૨૦૨૩) તેમજ ઉના (તા.૧૯/૧૦/૨૦૨૩) ખાતે કરવામાં આવ્યું.**




ટપક E-MAGAZINE

Volume 1, Issue 7,

October 2023

## આરોગ્ય અને પર્યાવરણ

### ગોંડલ તાલુકાના વિવિધ ગામોમાં મહિલાઓના સહયોગથી સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું.






## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

### ખેડૂતો દ્વારા સંસ્થાના માર્ગદર્શનથી બનેલ ફાર્મર બાયો ઈનપુટ સેન્ટર તેમજ મહિલા સશક્તિકરણ અંતર્ગત થયેલ કામગીરીનું દસ્તાવેજીકરણ BCI ની ટીમ દ્વારા કરવામાં આવ્યું.








**કપાસની વીણી અને સંગ્રહ બાબતે ખેડૂતો અને ખેતમજુરોમાં જાગૃતિ માટે ડભોઇ તેમજ શિનોર તાલુકાના ૨૦ ગામોમાં માસ અવેરનેસ કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું. REEL કાર્યક્રમ અંતર્ગત ૪૧૫ કોટન બેગ બનાવી ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું.**







**ઉત્તમ કપાસ કાર્યક્રમ સાથે સંકળાયેલ લીડ ફાર્મર માટે ફાર્મર પ્રોડ્યુસર કંપની વ્યવસ્થાપન અંગેની તાલીમોનું આયોજન થયું. (તા. ૦૬ ઓક્ટોબર, ૨૦૨૩ નાળિયા-માંડવી, તા. ૧૩ અને ૧૮ ઓક્ટોબર, ૨૦૨૩ અમરેલી તેમજ તા. ૨૦ ઓક્ટોબર ૨૦૨૩ ખાંભા)**







**જાફરાબાદ એગ્રીકલ્ચર ફાર્મર પ્રોડ્યુસર કંપની લિ., અને સોરઠ એગ્રીકલ્ચર ફાર્મર પ્રોડ્યુસર કંપની લિ. સાથે સંકલન કરી MCX ના પ્રતિનિધિ દ્વારા કાર્યક્ષેત્રના કપાસ ઉત્પાદન કરતા ખેડૂતો સાથે કપાસ અને રૂ (કોટન) માં ભાવ જોખમ સંચાલન પર જાગરૂકતા કાર્યક્રમનું આયોજન ચિતલ તેમજ લાઠી ખાતે ૨૬/૧૦/૨૦૨૩ અને ધોકડવા ખાતે ૨૭/૧૦/૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું.**








**તા.૨૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સંસ્થાના કાર્યકર મિત્રો દ્વારા સોમનાથ ફાર્મર પ્રોડ્યુસર કંપનીની એક મુલાકાત કરવામાં આવી. આ મુલાકાત નો હેતુ બહોળી સંખ્યામાં ખેડૂતોને કંપની સાથે જોડવા તેમજ ઉત્તમ કપાસ કાર્યક્રમમાં ત્યાની ટીમ દ્વારા થતા પ્રયત્નોને સમજવાનો હતો.**






ટપક E-MAGAZINE
Volume 1, Issue 7,
October 2023

## પાણીદાર વાત

કોટડાના ખેડૂત રામજીભાઈ કોઠીયાએ સંસ્થા અને ધી સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાના સહયોગથી પોતાના ખેતરમાં ખેત તલાવડીનું નિર્માણ કર્યું. તેના ફળ સ્વરૂપ ખેતરના કુવામાં પાણીના સ્તરમાં ૪૦ ફૂટ જેટલો વધારો થયો. છે ને પાણીદાર અખતરો. હજુ પણ રામજીભાઈ ખેત તલાવડી ઊંડી કરવા માંગે છે.




ગીર સોમનાથ જિલ્લાના માણેકપુર ગામે ખેત તલાવડીનું નિર્માણ થયું.



## નવી મેંગણી અને ભાડવા ગામમાં મહિલાઓ માટે કિચન ગાર્ડન બનાવવામાં આવ્યા.




**રાજકોટ જિલ્લાના ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકાના ખેડૂતોને વિવિધ નિદર્શન (મરચા અને ચણા જેવા પાકો, આંતરપાક તરીકે સુરજમુખી અને રાજગરાના બીજ, ડી ટોપિંગ, નેનો યુરિયા, સાગરિકા, બાગાયતી અને શાકભાજીના પાકોની RNG કીટ) આપવામાં આવી.**






## વિવિધ સરકારી યોજનાઓ સાથે સંકલન જેમ કે ટપક અને સ્પ્રીન્કલરમાં સબસિડી, આયુષ્માન ભારત કાર્ડ વગેરે...



## ૧૨૯ મહિલાઓને ડિજિટલ અને નાણાંકીય સાક્ષરતાની તાલીમ.



## રાજકોટ જિલ્લાના ૪ ગામોમાં (કેશવાળા, વેજાગામ, સોળિયા અને ખરેડા)GPDP પૂર્ણ કરેલ છે.









**સંસ્થા દ્વારા ચાલતા પ્રોજેક્ટની કામગીરીના ઉપયોગી બની શકે તેવા યુટ્યુબના માધ્યમથી વિડ્યો નિહાળવા અને અમારી ચેનલને સબસ્ક્રાઈબ કરવા અહી ક્લિક કરો**